મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

GT NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૨૫-૦૬-૨૦૨૫
બુધવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૭૨
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### રાજ્યમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત 'શાળા પ્રવેશોત્સવ' આગામી તા. ૨૬ થી ૨૮ જૂન દરમિયાન યોજાશે : પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

## શાળામાં નામાંકિત થયેલા વિદ્યાર્થીઓમાં ડ્રોપઆઉટ દર શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં ધોરણ-૧ થી ૫માં ૧.૦૭ ટકા અને ધોરણ-૧થી ૮માં ૨.૪૨ ટકા જેટલો નીચો આવ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે માહિતિ આપતા પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત 'શાળા પ્રવેશોત્સવ' કાર્યક્રમનું આયોજન આગામી તા. ૨૬ થી ૨૮ જૂન, ૨૦૨૫ દરમિયાન કરવામાં આવ્યું છે.

રાજયની તમામ સરકારી પ્રાથમિક, સરકારી અને અનુદાનિત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, જ્ઞાનશક્તિ રેસીડેન્શીયલ સ્કૂલ્સ અને રક્ષા શક્તિ સ્કૂલ્સમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાશે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ તા. ૨૬ જૂનના રોજ મહીસાગર જિલ્લામાં, તા. ૨૭ જૂનના રોજ ગાંધીનગર અને તા. ૨૮ જૂનના રોજ કચ્છ જિલ્લામાં વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવશે. આ ઉપરાંત સમગ્ર રાજ્યમાં સિનિયર મંત્રીશ્રીઓ સહિત આશરે ૪૦૦ જેટલા ઉચ્ચ અધિકારીશ્રીઓ-પદાધિકારીશ્રીઓ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

વિગતવાર માહિતી આપતા પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યમાં શાળા પ્રવેશોત્સવના સફળ અમલીકરણના પરિણામે શાળામાં નામાંકિત થયેલા વિદ્યાર્થીઓમાં ડ્રોપઆઉટ દર જે વર્ષ ૨૦૦૧-૦૨માં ધોરણ-૧ થી ૫માં ૨૦.૫૦ ટકા અને ધોરણ-૧ થી ૮ માં ૩૭.૨૨ ટકા હતો તે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં ક્રમશઃ ધોરણ-૧ થી ૫માં ૧.૦૭ ટકા અને ધોરણ-૧ થી ૮માં ૨.૪૨ ટકા જેટલો નીચો લાવી શકાયો છે. આમ, રાજયમાં પ્રવેશોત્સવ કાર્યક્રમના પરિણામે છેલ્લા બે દાયકામાં પ્રાથમિક શિક્ષણમાં નામાંકન દર વધારવા તથા ડ્રોપઆઉટ દર ઘટાડવા ક્ષેત્રે ખુબ સારી સફળતા મળી છે. તેવી જ રીતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ડ્રોપઆઉટ દર ઘટાડવા માટે આ વખતના પ્રવેશોત્સવમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

તેમણે ઉમેર્યુ કે, શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન બળકોને આંગણવાડી, બાલવાટિકા તથા ગત વર્ષે બાલવાટિકામાં પ્રવેશ ન મેળવેલ બાળકોને ધોરણ-૧માં તેમજ ધોરણ-૯માં અને ધોરણ-૧૧માં વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવવામાં આવશે. પ્રવેશોત્સવ દરમિયાન પદાધિકારીશ્રી અને અધિકારીશ્રીઓ દ્વારા શાળા મુલાકાતના કાર્યક્રમની વિગતવાર રૂપરેખા પણ તૈયાર કરવામાં આવી છે.

પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું કે, ચાલુ વર્ષે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના દરેક દિવસે શાળાઓમાં ઉપસ્થિત રહેનાર મહાનુભાવોને એક પ્રાથમિક અને બે માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ફાળવણી કરવામાં આવી છે. જો માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પુરતી સંખ્યામાં ના હોય તો તે જ તાલુકાની જ્ઞાનશકિત રેસીડેન્શીયલ સ્કૂલ્સ અને રક્ષા શક્તિ સ્કૂલ્સની પસંદગી ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. આ ઉપરાંત રથયાત્રા તથા કચ્છી નૂતનવર્ષના તહેવારને ધ્યાનમાં રાખીને રથયાત્રાના રૂટ હોય તેવા વિસ્તારોમાં અને કચ્છ જિલ્લામાં પ્રવેશોત્સવની ઉજવણી તા. ૨૬ અને ૨૮ જૂનના રોજ કરવામાં આવશે.

વધુમાં, તેમણે જણાવ્યું કે, પ્રાથમિક શિક્ષણક્ષેત્રે વર્ષ ૨૦૧૯-૨૦થી ધોરણ-૧માં અને વર્ષ ૨૦૨૩-૨૪થી બાલવાટિકામાં પ્રવેશપાત્ર પ્રત્યેક બાળકની ઓળખ, ટ્રેકિંગ અને નામાંકન સુનિશ્ચિત કરવા રાજ્યના આરોગ્ય વિભાગના જન્મ તથા રસીકરણના ડેટાને શિક્ષણ વિભાગની ચાઈલ્ડ ટ્રેકિંગ સીસ્ટમ-ઝ્જી સાથે ઈન્ટિગ્રેટ કરવામાં આવ્યો છે. જેના પરિણામે એક પણ બાળક શિક્ષણથી વંચિત ના રહી જાય અને સ્થળાંતરિત થતાં માતાપિતાના બાળકોના પણ સઘન ટ્રેકિંગ દ્વારા લગભગ ૧૦૦ ટકા નામાંકન શક્ય બન્યું છે. આ પ્રણાલીનો ઉપયોગ કરીને બાલવાટિકામાં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા સુનિશ્ચિત કરી રાજયના અંદાજે ૮.૭૫ લાખ બાળકોનો સર્વે કરવામાં આવ્યો છે જેમને શાળા પ્રવેશ કરાવવામાં આવશે. તેવી જ રીતે ધોરણ-૯માં ૧૦.૫૦ લાખ અને ધોરણ-૧૧માં ૪.૫૦ લાખ જેટલા બાળકોને શાળા પ્રવેશ કરાવવામાં આવશે.



આ ઉપરાંત Artificial Intelligence-AIના ઉપયોગથી વિદ્યા સમીક્ષા કેન્દ્રના વિવિધ ડેટાનો ઉપયોગ કરીને વિદ્યાર્થીના સંભવિત ડ્રોપઆઉટ થવાની શક્યતાના કિસ્સામાં તેવા બાળકો અને તેમના વાલીઓને પ્રવેશોત્સવ કાર્યક્રમમાં આમંત્રિત કરીને બાળકના વિકાસ અને પ્રગતિ માટે શાળાકીય શિક્ષણ પૂર્ણ કરવું કેટલું અગત્યનું છે તેની સમજ પણ આપવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યુ હતું.

### લોકલ આવક બંધ : અન્ય રાજયોમાંથી આવતા શાકભાજીમાં ૩૦ ટકા બગડેલું

## મહેસાણા જિલ્લામાં ભારે વરસાદના કારણે શાકભાજીના ભાવ આસમાને! તમામ શાકભાજી રૂ.૫૦-૧૦૦ના કિલો

મહેસાણા તા.૨૪

ચોમાસુ જામ્યુ છે. અનેક સ્થળોએ ધોધમાર વરસાદ પડી રહ્યો છે. અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા છે. ભારે વરસાદના કારણે શાકભાજીની આવક પર અસર થાય છે. છેલ્લા ૧૦ વર્ષની શાકભાજીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે.મોટાભાગના શાકભાજીના ભાવ રૂ.૫૦ થી રૂ.૧૦૦ના કિલોએ પહોચ્યા છે.

મહેસાણા જિલ્લામાં ભારે વરસાદને પગલે ભાવ વધવા લાગ્યા છે. છેલ્લા ૧૦ દિવસથી આ



પરિસ્થિતિ જોવા મળી રહી છે. લોકલ આવક ઓછી છે અન્ય રાજયો માંથી શાકભાજી આવી રહ્યા છે.

અન્ય રાજયોમાં પણ ધોધમાર વરસાદ પડવાથી અનેક ધોરીમાર્ગો બંધ રાખવામાં આવ્યા છે.અને તેના કારણે ટ્રાન્સપોર્ટેશન પણ અટકયુ છે.આવક ભરપુર થઈ રહી છે. પરંતુ ૩૦ ટકામાલ બગડી રહ્યો છે.

ખાસ કરીને કોથમરી-પાલક મેથીના ભાવ આસમાને પહોંચ્યા છે. કોથમરી રૂ.૧૦૦ની કિલો છે. ગુવાર, ભીંડો, ગીસોડા, મરચા ફુલાવર, વટાણા, ગાજરની આવક અન્ય રાજયોમાંથી થઈ રહી છે. વટાણા શિમલાથી ગુવાર મહારાષ્ટ્રથી આવી રહ્યો છે. લોકલ આવકમાં રીંગણા, ઘીસોડા, ગલ્કાનો સમાવેશ થાય છે અને મેથી કોથમરી મધ્યપ્રદેશથી આવી રહ્યા છે.અન્ય રાજયોમાંથી આવતો માલ ૩૦ ટકા બગડેલો નીકળતો હોવાથી વેપારીઓને મોટુ નુકશાન વેઠવાનો વારો આવે છે. હજુ વરસાદ યથાવત રહેશે.તો ૧૫ દિવસ ભાવ વધારો રહેશે.માર્કેટ યાર્ડમાં લીંબુ રૂ.૩૫, ટમેટા રૂ.૧૫-૨૫, કોથમરી રૂ.૪૦-૭૦, રીંગણા રૂ.૨૫-૩૦, ફુલાવર રૂ.૩૦-૪૦, ભીંડો રૂ.૨૫-૩૫, ગુવાર રૂ.૬૦-૮૦, ચોળીસીંગ રૂ.૪૦-૫૦,મેથી રૂ.૫૦-૧૦૦, આદુ રૂ.૩૫-૪૦, મરચા રૂ.૨૫-૪૦, કિલોએ ભાવ બોલાયા હતાં.બજારમાં પણ કોથમરી રૂ.૧૦૦ની કિલો વહેચાય રહી છે.

### આરોપીએ ફેક આઈડી બનાવી લોન આપવાની જાહેરાતો મુકી હતી

## મહેસાણા સાયબર સેલની ટીમે ફેસબુક પર મુદ્રા લોન આપવાના બહાને છેતરપિંડી કરતા ઈસમને દબોચ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસે ફેસબુક પર ઓછા વ્યાજ દરે પીએમ મુદ્રા લોન આપવાના નામે છેતરપિંડી કરતા આરોપીની ધરપકડ કરી છે. જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ સાયબર સેલની ટીમે મહેસાણા જિલ્લાના રહેવાસી અને મૂળ રાજકોટના ૩૮ વર્ષીય આશિષ રામજીભાઈ તલસાણીયાને પકડી પાડ્યો છે.

આરોપી પાસે આવકનો કોઈ સ્ત્રોત ન હતો. તેણે સોશિયલ મીડિયા પર ફેક પ્રોફાઈલ બનાવી લોન આપવાની જાહેરાતો મૂકી હતી. લોકોને વિશ્વાસમાં લઈ વોટ્સએપ મારફતે વાત કરી ઓનલાઈન પેમેન્ટ



મેળવતો હતો.

ડીવાયએસપી વી.પી. માનસેતાના માર્ગદર્શન હેઠળ સાયબર પોલીસની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સિસના આધારે આરોપીને પકડ્યો છે. પોલીસે આરોપીના બેંક એકાઉન્ટ સહિતની વિગતો કબજે કરી છે. પીઆઈ વી.કે. કોઠીયા આ કેસની વધુ તપાસ કરી રહ્યા છે.

### મહેસાણા રાધનપુર રોડ પર રહેતા વૃદ્ધના ઘરે એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

## વૃદ્ધના પૂર્વ પત્નિ, પુત્ર અને પુત્રવધુએ રાત્રે તેમના ઘરે આવીને પૈસા માંગ્યા, નહિ આપતાં જાનથી મારી નાંખવાની ધમકી આપી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

મહેસાણાના રાધનપુર રોડ પર રહેતા વૃદ્ધના ઘરે એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વૃદ્ધના પૂર્વ પત્ની, પુત્ર અને પુત્રવધુએ રાત્રે તેમના ઘરે આવીને પૈસાની માગણી કરી હતી. નકારમાં જવાબ મળતા તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ફરિયાદી હરેશકુમાર અંબારામભાઈ પટેલે જણાવ્યું કે તેમના પ્રથમ પત્ની સાથે મનમેળ ન થતાં ૨૦૧૪માં છૂટાછેડા લીધા હતા. ત્યારબાદ તેમના પૂર્વ પત્ની બે સંતાનો સાથે અમદાવાદમાં રહેતા હતા. હરેશકુમારે બીજા લગ્ન કર્યા બાદ મહેસાણામાં વસવાટ કર્યો હતો.

તાજેતરમાં તેમના પૂર્વ પત્ની ભગવતીબેન, પુત્ર હાર્દિક અને પુત્રવધુ ફાલ્ગુનીબેન તેમના ઘરે આવ્યા હતા. ત્રણેયે પૈસાની માગણી કરી હતી. પૈસા



**આ ઘટના અંગે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.**

ન આપે તો હાથપગ ભાંગી નાખવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ દરમિયાન ફરિયાદી અને તેમના વર્તમાન પત્નીને ગાળો પણ બોલી હતી. વૃદ્ધે પોલીસને બોલાવવાની વાત કરતાં આરોપીઓ ત્યાંથી ભાગી ગયા હતા.

આ ઘટના અંગે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

### ખેરાલુમાં કણજીના વૃક્ષ પર ૯ ફુટ લાંબો અજગર દેખાતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા

## વન વિભાગના કર્મીઓએ સંયુક્ત રીતે રેસ્કયુ કરી અજગરને સફળતા પૂર્વક પકડી લેવાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

ખેરાલુ શહેરમાં ગઈકાલે રાત્રે એક મોટો અજગર જોવા મળ્યો હતો. સેવા સદન સામે આવેલા કણજીના વૃક્ષ પર ૯ ફૂટ લાંબો અજગર દેખાતા લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. રાત્રે લગભગ ૭:૪૫ થી ૯:૦૦ વાગ્યા સુધી અજગરને પકડવાની કામગીરી ચાલી હતી.

સ્થાનિક સાપ પકડનાર મહેમુદખાન અને તેમના પુત્ર અલીખાન તેમજ વન વિભાગના કર્મચારીઓએ સંયુક્ત રીતે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યુ હતું. એક કલાકની ભારે જહેમત બાદ અજગરને સફળતાપૂર્વક પકડી લેવામાં આવ્યો હતો. વન વિભાગની ટીમે અજગરને સુરક્ષિત રીતે તારંગાના જંગલમાં છોડી દીધો હતો. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભારે કુતૂહલ સર્જ્યું હતું.

### મહેસાણા જિલ્લા પંચાયતના માર્ગ-મકાન વિભાગમાં તમામ

## ૪૫ વર્ક આસિસ્ટન્ટ અને ૩૧ અધિક મદદનીશ ઇજનેરની જગ્યાઓ છેલ્લા દોઢ વર્ષથી ખાલી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

ગામડાંઓમાં બનતાં રોડની કામગીરી સમયે તેમજ ડામર પ્લાન્ટ ઉપર એક વર્ક આસિસ્ટન્ટ અને એક મદદનીશ ફરજિયાત હાજરી જરૂરી છે. પરંતુ ૧૯૯૦ના મહેકમ મુજબ ૪૫ પૈકી એક પણ વર્ક આસિસ્ટન્ટ ન હોવાથી ત્રણ ડામર પ્લાન્ટ ચાલુ નથી થઈ શકતા, જેથી રોડ બનાવવાની કામગીરીમાં પણ ખૂબ જ વિલંબ થઈ રહ્યો છે.

છેલ્લા દોઢ વર્ષથી જિલ્લામાં ૪૫ વર્ક આસિસ્ટન્ટની જગ્યાઓ ખાલી પડી હોઈ નાયબ કાર્યપાલક ઈજનેર સહિતના અધિકારીઓને સુપરવિઝન સહિતની વધારાની કામગીરી કરવી પડે છે. તમામ તાલુકા મથકોએ ડેપ્યુટી એન્જિનિયર અને વર્ક આસિસ્ટન્ટની જ્યાં હાજરી જરૂર છે



એવી રોડ બનતો હોય ત્યાં અને મટેરિયલનો પ્લાન્ટ ચાલુ હોય ત્યાં બંને જગ્યાએ ધક્કા ખાવા પડે છે.

બંને જગ્યાએ આ ડેપ્યુટી એન્જિનિયર પહોંચી ન વળતાં રોડના કામની ગુણવત્તા ઉપર પણ અસર થાય છે, સાથે કામનું ભારણ વધતાં બાંધકામના કામો ઉપર પણ મોટાપાયે અસર થઈ રહી છે.

૩૫ વર્ષ પછી રોડ રસ્તાના કામોની સંખ્યા પણ ૧૦૦ ગણી થઈ ગઈ છે, સામે પક્ષે ૧૯૯૦થી ચાલી આવતું મહેકમ સરકાર અપગ્રેડ ના કરે તો કંઈ નહીં, પરંતુ જૂના મહેકમ પ્રમાણે પણ વર્ક આસિસ્ટન્ટની જગ્યાઓ ભરતી નથી. તો નવા બની રહેલા રોડ રસ્તાની માપણી, રોડની ગુણવત્તા અને કવોન્ટિટી, નિરીક્ષણ અને સુપરવિઝન સહિતની તાંત્રિક કામગીરીની જેના માથે જવાબદારી છે તેવા ૩૧ અધિક મદદનીશ ઈજનેરોની જગ્યાઓ પણ ભરાતી નથી.

જૂના અને ગત વર્ષે જ આવેલા નવા મહેકમ પ્રમાણે જિલ્લામાં કુલ અધિક મદદનીશ ઈજનેરોની ૬૭ જગ્યાઓ છે, જેમાંથી ૩૬ જગ્યાઓ હાલ ભરેલી છે અને ૩૧ જગ્યાઓ દોઢ વર્ષથી ખાલી છે. બીજી તરફ સરકાર દ્વારા નિયત સમયે કામો પૂર્ણ કરવા માટે પણ પ્રેશર અપાતું હોય છે. માણસોની ઘટ હોવાથી રોડ બનાવવાના વધારે પ્લાન્ટ પણ બાંધકામ વિભાગ ચાલુ નથી કરી શકતું.




# અમેરિકા પર ભારત સહિત આખી દુનિયા નજર રાખી રહી છે

પશ્ચિમ એશિયામાં દબંગ રાજદ્વારીનો ખતરનાક યુગ શરૂ થયો છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનના મુલ્લાશાહી (મુલ્લાઓ એટલે કે ધાર્મિક નેતાઓનું શાસન) ને આર્થિક પ્રતિબંધોમાં છૂટછાટો આપીને પરમાણુ શક્તિ અને મિસાઈલ ટેકનોલોજીની તેની મહત્વાકાંક્ષાઓ છોડી દેવા માટે એક સોદા માટે સંમત થવા માટે રાજી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ત્યારબાદ ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ અચાનક નાટકીય રીતે હુમલો કર્યો અને ઈરાનની સેના અને પરમાણુ શક્તિના ટોચના નેતૃત્વનો નાશ કર્યો. હુમલા અંગે ટ્રમ્પની શરૂઆતની પ્રતિક્રિયાઓ જોઈને એવું લાગતું હતું કે તેમને તેમના રાજદ્વારી પ્રયાસોમાં ઈઝરાયલનો હસ્તક્ષેપ ગમતો નથી, પરંતુ ઈઝરાયલી હુમલાઓની નાટકીય સફળતાનો અહેસાસ થતાં જ, તેમણે ઈઝરાયલને રોકવાને બદલે તેની સફળતા વિશે વાત કરવાનું શરૂ કર્યું અને ઈરાનને શરણાગતિ સ્વીકારવાની માંગ કરી.

એક તરફ, તેઓ ઈરાનને બે અઠવાડિયાનો સમય આપવાની વાત કરી રહ્યા હતા અને બીજી તરફ, તેઓ ડિએગો ગાર્સિયામાં તેમના બીર બોમ્બર્સને હુમલા માટે તૈયાર કરી રહ્યા હતા. છેતરપિંડી દ્વારા હુમલો કરવો એ ટ્રમ્પની શૈલી છે, જેનું વર્ણન તેમણે તેમના પ્રખ્યાત પુસ્તક ‘ધ આર્ટ ઓફ ધ ડીલ‘માં કર્યું છે. બે અઠવાડિયા સુધી ઈરાનને છેતર્યા પછી, ફોર્ડો, નાતાન્ઝ અને ઈસ્ફહાનના પરમાણુ પ્લાન્ટ પર બોમ્બ ફેંકવામાં આવ્યા હતા.ફોર્ડો સહિત ઈરાનના પરમાણુ કેન્દ્રોને નષ્ટ કરવાનો દાવો કરતા, ટ્રમ્પે ધમકી આપી છે કે જો ઈરાન હજુ પણ આ કરાર માટે સંમત નહીં થાય, તો વધુ વિનાશક હુમલા કરવામાં આવશે. બ્રિટિશ વડા પ્રધાન સ્ટાર્મરે પણ ટ્રમ્પની લાગણીઓનો પડઘો પાડ્યો અને ઈરાનના પરમાણુ કાર્યક્રમને વિશ્વ માટે ગંભીર ખતરો ગણાવ્યો. ઈરાને જવાબમાં ઈઝરાયલી શહેરો પર મિસાઈલોનો વરસાદ શરૂ કરી દીધો છે, પરંતુ આ છતાં લોકો ત્યાં ઉજવણી કરી રહ્યા છે.

વડા પ્રધાન નેતન્યાહૂ માટે, આ તેમના રાજકીય કારકિર્દીનો સૌથી સફળ ક્ષણ છે, પરંતુ અમેરિકામાં લોકોનો અભિપ્રાય આ હુમલા અંગે ખૂબ જ વિભાજિત છે. બીજા દેશ પર હુમલો કરવા માટે, રાષ્ટ્રપતિએ યુએસ સંસદની મંજૂરી લેવી જરૂરી છે. ઈરાક પર હુમલો કરતા પહેલા, બુશના બંને રાષ્ટ્રપતિઓએ કોંગ્રેસની મંજૂરી લીધી હતી. તેથી, અમેરિકન સાંસદો અને સેનેટરોનો એક વર્ગ ટ્રમ્પના યુદ્ધમાં પ્રવેશથી ગુસ્સે છે. ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીનો ‘સ્છય્છ‘ જૂથ ગુસ્સે છે કે તેમણે અમેરિકાને યુદ્ધમાં સામેલ ન કરવાના તેમના ચૂંટણી વચનનો ભંગ કર્યો છે અને ઈઝરાયલના યુદ્ધમાં સામેલ થયા છે.આંતરરાષ્ટ્રીય સમુદાય તરફથી પણ મિશ્ર પ્રતિક્રિયાઓ મળી રહી છે. જ્યારે યુરોપ અને પશ્ચિમ એશિયાના દેશો ઈરાનના પરમાણુ કાર્યક્રમ માટેના ખતરામાં ઘટાડો અને કરાર મજબૂત થવાની શક્યતાનું સ્વાગત કરશે, ત્યારે અમેરિકન હુમલાની કાયદેસરતાની નિંદા કરવામાં આવશે. રશિયા અને ચીન સહિત વિશ્વના અન્ય દેશો રાજદ્વારી માર્ગ છોડી દેશે અને બીજા દેશના સાર્વભૌમત્વના ઉલ્લંઘનની નિંદા કરશે.અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન સાથેના ગાઢ સંબંધોને કારણે આ હુમલાએ ભારત માટે મૂંઝવણ ઊભી કરી છે. ભારત ઈરાનને પરમાણુ શક્તિ બનતા અટકાવવા માંગે છે, પરંતુ તે તેના માટે તેની સાર્વભૌમત્વના અતિક્રમણને ક્યારેય સમર્થન આપી શકે નહીં. એ પણ રસપ્રદ છે કે ઈરાન ૧૯૬૮ થી પરમાણુ અપ્રસાર સંધિ અથવા એનપીટીનો સભ્ય છે. આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી તેની પરમાણુ પ્રવૃત્તિઓ પર નજર રાખી શકે છે. જ્યારે ઈઝરાયલ, પરમાણુ શક્તિ હોવા છતાં,એનપીટી નો સભ્ય નથી. એટલે કે, એક રીતે, ‘ચોર‘ ન્યાયાધીશ અને પોલીસ બની ગયો છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ઈસ્ટમેન અદ્યતન સૌર ઉત્પાદન શ્રેણી સાથે ગુજરાતમાં સ્વચ્છ ઉર્જા ફૂટપ્રિન્ટનું વિસ્તરણ




(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૪

સૌર ઉર્જા ઉત્પાદનોના અગ્રણી ઉત્પાદક ઈસ્ટમેન ઓટો શ્ પાવર લિમિટેડ, ઉચ્ચ પ્રદર્શનવાળા સૌર ઉત્પાદનોની શક્તિશાળી શ્રેણી સાથે ગુજરાતમાં તેના ફૂટપ્રિન્ટનો વિસ્તાર કરી રહી છે. રાજ્યની વિશ્વસનીય અને ટકાઉ ઊર્જાની વધતી જતી માંગને ધ્યાનમાં રાખીને, ઈસ્ટમેન હવે ઈન્વર્ટરની વ્યાપક શ્રેણી ઓફર કરે છે જેમાં ગ્રીડ ટાઈ ઈન્વર્ટર, હાઈબ્રિડ ઈન્વર્ટર, ઓફ ગ્રીડ ઈન્વર્ટર, લીડ એસિડ અને લિથિયમ બેટરી અને સોલાર પેનલનો સમાવેશ થાય છે - આ બધા રહેણાંક, વાણિજ્યિક અને ઔદ્યોગિક વપરાશકર્તાઓની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે રચાયેલ છે.ઈસ્ટમેનની ઈન્વર્ટરની શ્રેણી છતની સૌર પ્રણાલીઓ સાથે એકીકૃત રીતે સંકલિત થાય તે રીતે ડિઝાઈન કરવામાં આવી છે, જેનાથી વપરાશકર્તાઓ વધારાની સૌર ઉર્જા ઉત્પન્ન કરી શકે છે અને તેને ગ્રીડમાં પાછી નિકાસ કરી શકે છે - જે અસરકારક રીતે વીજળીના બિલ ઘટાડે છે અને પર્યાવરણનેઅનુકૂળ ઉર્જા વપરાશને પ્રોત્સાહન આપે છે.ગુજરાત તેના સૌર ઉર્જા પ્રયાસોને વેગ આપી રહ્યું છે, ત્યારે ઈસ્ટમેનના અદ્યતન સૌર ઉકેલોનો ઉદ્દેશ્ય પરંપરાગત ઉર્જા સ્ત્રોતો પરની નિર્ભરતા ઘટાડવાનો અને રાજ્યના સ્વચ્છ ઉર્જા લક્ષ્યોમાં યોગદાન આપવાનો છે.અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને પાલનપુર જેવા મુખ્ય બજારોમાં ઝડપથી વિકસતી હાજરી સાથે, ઈસ્ટમેન મજબૂત ડીલર નેટવર્ક દ્વારા તમામ સૌર ઉર્જા ઉત્પાદનોની સરળ સુલભતા સુનિશ્ચિત કરે છે. આ વન-સ્ટોપ અભિગમ તમારી સૌર ઉર્જાની બધી જરૂરિયાતોને પૂર્ણ કરે છે, જે શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોમાં નિષ્ણાત ટેકનિકલ સપોર્ટ અને વિશ્વસનીય વેચાણ પછીની સેવા દ્વારા સમર્થિત છે.

## ગુજરાત સરકારનો વધુ એક હિતલક્ષી નિર્ણય

# જિલ્લા હોસ્પિટલ, પેટા હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સેવા આપતા ખાનગી વિઝીટીંગ તજજ્ઞ ડોકટરોના માનદ વેતનમાં કરાયો વધારો

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં સી.એમ.સેતુ યોજના અંતર્ગત એક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જે અંતર્ગત રાજ્યની જિલ્લા હોસ્પિટલો, પેટા જિલ્લા હોસ્પિટલો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સેવા આપતા વિઝીટીંગ તજજ્ઞ-Specialis ડોકટરોના માનદ વેતનમાં વધારો કરવામાં આવ્યો છે.



(પ્રતિકાત્મક તસ્વીર)

આ અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યની જિલ્લા હોસ્પિટલો, પેટા જિલ્લા હોસ્પિટલો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સેવા આપતા તમામ પ્રકારના ખાનગી વિઝીટીંગ તજજ્ઞ-Specialis ડોકટરોને સી.એમ.સેતુ યોજના અંતર્ગત રોજના લઘુત્તમ ૩ કલાકની ફરજિયાત સેવા બાદ પ્રતિ દિન રૂ. ૪,૨૦૦ માનદ વેતન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ અગાઉ પીડીયાટ્રીશીયન અને જનરલ ફીઝિશીયનને પ્રતિ દિન રૂ. ૩ હજાર અને તે સિવાયના અન્ય તજજ્ઞ ડોક્ટર્સને પ્રતિ દિન રૂ. ૨ હજાર માનદ વેતન આપવામાં આવતું હતું.

વધુમાં, તેમણે જણાવ્યુ કે, રાજ્યની સરકારી મેડિકલ કોલેજો, જી.એમ.ઈ.આર.એસ. સંચાલિત મેડિકલ કોલેજો સંલગ્ન હોસ્પિટલોમાં ફરજ બજાવતા વિઝીટીંગ નોન સર્જિકલ સુપર સ્પેશિયાલીસ્ટને ૩ કલાકની ફરજિયાત સેવા બાદ રોજના રૂ. ૮,૫૦૦ અને સર્જિકલ સુપર સ્પેશિયાલીસ્ટ તબીબોને રૂ. ૨,૭૦૦ આપવામાં આવતા હતા, જેમાં સુધારો કરીને સર્જિકલ અને નોન સર્જિકલ સુપર સ્પેશ્યાલિસ્ટને રોજના લઘુતમ ત્રણ કલાકની ફરજિયાત સેવા બાદ પ્રતિ દિન રૂ. ૮,૫૦૦ મુજબ માનદ વેતન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

## ગુજરાતના દરેક ગામડાને મળશે હાઈ-સ્પીડ ઈન્ટરનેટ: રાજ્યમાં એમેન્ડેડ ભારતનેટ પ્રોજેક્ટના ત્રીજા તબક્કાનો થશે શુભારંભ

# રાજ્ય આધારિત મોડેલમાં ભારતનેટ ફેઝ-૩ના અમલીકરણ માટે મેમોરેન્ડમ ઓફ કો-ઓપરેશન પર હસ્તાક્ષર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

ગાંધીનગર ખાતે રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી તેમજ ભારત સરકારના દૂરસંચાર વિભાગના સચિવ શ્રી નીરજ મિત્તલની પ્રેરક ઉપસ્થિતિમાં એમેન્ડેડ ભારતનેટ (ફેઝ-૩)ની અમલીકરણ કામગીરી માટે ગુજરાતના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ (DST), ગુજરાત ફાઈબર ગ્રીડ નેટવર્ક લી.(GFGNL), ભારત સરકારના ડિજિટલ ભારત નિધિ (DBN) તેમજ ભારત સંચાર નિગમ લી. (BSNL)ને મળી કુલ ચાર સહભાગી પક્ષો વચ્ચે રાજ્ય કરાર સંપન્ન કરવામાં આવ્યા હતા. જેમાં ભારત સરકાર વતી અધિક સચિવ અને ડિજિટલ ભારત નિધિના એડમિનિસ્ટ્રેટર શ્રી નીરજ વર્મા તેમજ ગુજરાત સરકાર વતી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મોના ખંધાર દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.



ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ડિજિટલ કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવવા તેમજ શહેરી-ગ્રામીણ ડિજિટલ અંતરને દૂર કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા એમેન્ડેડ ભારતનેટ કાર્યક્રમ (તબક્કો-૩)નો પ્રારંભ કરવામાં આવશે. ભારતનેટના ત્રીજા તબક્કા હેઠળ ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં પણ ૯૮ ટકાથી વધુ સર્વિસ અપટાઈમ સુનિશ્ચિત કરીને સમાન ડિજિટલ સુલભતા પ્રદાન કરવાનો રાજ્ય સરકારે નિર્ધાર કર્યો છે.રાજ્ય આધારિત મોડેલમાં એમેન્ડેડ ભારતનેટ કાર્યક્રમ (ફેઝ-૩)ના અમલીકરણ માટે મેમોરેન્ડમ ઓફ કોઓપરેશન (MoC) પર હસ્તાક્ષર કરનાર ગુજરાત દેશના ૮ રાજ્યો પૈકીનું પ્રથમ રાજ્ય બન્યું છે. ઓક્ટોબર-૨૦૨૪માં દિલ્હી ખાતે આયોજિત ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ કોન્ફરન્સમાં કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાની ઉપસ્થિતિમાં રાજ્ય સરકારે ભારતનેટ ફેઝ-૩ના અમલીકરણ માટે સ્ઙ્ઘ પર હસ્તાક્ષર કર્યા હતા. ત્યારબાદ ગત જાન્યુઆરી-૨૦૨૫માં ભારત સરકાર દ્વારા ભારતનેટ ફેઝ-૩ માટે ગુજરાતને એક વખતના મૂડી ખર્ચ (CAPEX) અને ૧૦ વર્ષના નિભાવખર્ચ (OPEX) માટે કુલ રૂ. ૫,૬૩૧ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

પ્રોજેક્ટ ખર્ચની સૈદ્ધાંતિક મંજૂરી બાદ આજે તા. ૨૪ જૂન,૨૦૨૫ના રોજ ગાંધીનગર ખાતે મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી તેમજ કેન્દ્રીય દૂરસંચાર સચિવ શ્રી નીરજ મિત્તલની ઉપસ્થિતિમાં એમેન્ડેડ ભારતનેટ (ફેઝ-૩)ની અમલીકરણ કામગીરી માટે ચાર સહભાગી પક્ષો વચ્ચે રાજ્ય કરાર સંપન્ન કરવામાં આવ્યા છે.

કેન્દ્રીય દૂરસંચાર સચિવ શ્રી નીરજ મિત્તલ સહિતના કેન્દ્રીય પ્રતિનિધિ મંડળે ગુજરાતમાં હાઈસ્પીડ કનેક્ટિવિટીનો અનુભવ કરવા માટે કાર્યક્રમ પૂર્વે તેમણે વિદ્યા સમીક્ષા કેન્દ્ર-ગાંધીનગર ખાતે ફાઈબર ટુ ધ હોમ (FTTH) એજ્યુકેશન એક્સપિરિયન્સ સેન્ટર તેમજ કાર્યક્રમ બાદ અમદાવાદની એણાસન પ્રાથમિક શાળા, વેગ્નલ ગ્રામ પંચાયત, વેગ્નલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ટેલ્કો ગ્રેડ શેલ્ટર સહિતના ભારતનેટ-કનેક્ટેડ સ્થળોની મુલાકાત લીધી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર દ્વારા રાજ્ય-આધારિત મોડલ હેઠળ ભારતનેટ ફેઝ-૨નો સફળતાપૂર્વક અમલ કર્યો છે. જે અંતર્ગત ૨૨ જિલ્લાની ૮,૦૦૦થી વધુ ગ્રામ પંચાયતોને આવરી લઈ રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં સીમલેસ ડિજિટલ કનેક્ટિવિટી પૂરી પાડતી માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. ગુજરાત આજે ૯૫ ટકાથી વધુ નેટવર્ક અપટાઈમ સાથે રાષ્ટ્રીય સ્તરે સર્વોચ્ચ છે. ભારતનેટ ફેઝ-૨ના સફળ અમલીકરણ અને ઉપયોગની દ્રષ્ટીએ ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રહ્યું છે. એટલા માટે જ, ઓક્ટોબર-૨૦૨૪માં આયોજિત ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ કોન્ફરન્સમાં કેન્દ્રીય સંચાર મંત્રીશ્રીએ ભારતનેટ ફેઝ-૨ની કામગીરીમાં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ ગુજરાત રાજ્યની પ્રસંશા કરી હતી.

ગુજરાત સરકારે ભારતનેટ પર અનેક ઈ-ગવર્નન્સ સેવાઓ શરૂ કરી છે, જેને "ડિજિટલ સેવા સેતુ (ઈ-ગ્રામ)" કાર્યક્રમ હેઠળ અમલમાં મૂકવામાં આવી છે. ભારતનેટના માધ્યમથી હાલ રાજ્ય સરકારની ૩૨૧ જેટલી સેવાઓ ૧૪,૦૦૦થી વધુ ઈ-ગ્રામ કેન્દ્રો પર ઉપલબ્ધ છે. પરિણામે રાજ્યના ૧.૬ કરોડથી વધુ નાગરિકોએ ગ્રામ પંચાયત કનેક્ટિવિટી દ્વારા ડિજિટલ સેવા સેતુનો લાભ લીધો છે.

આ ઉપરાંત રાજ્ય સરકારે ૭,૫૦૦થી વધુ શાળાઓ, ૭૬૫ આરોગ્ય કેન્દ્રો, ૩૭૭ પોલીસ ચોકીઓ અને GIDC, પ્રવાસન સ્થળો, કોન્ફરન્સ અને એક્ઝિબિશન સેન્ટરો જેવા ૫૦ આઈકોનિક સ્થળોને ભારતનેટ ફેઝ-૨ નેટવર્ક થકી જોડવામાં આવ્યા છે. આમ, રાજ્યમાં કુલ ૧૦,૦૦૦ જેટલી ગ્રામ્ય સંસ્થાઓમા હોરીઝોન્ટલ કનેક્ટિવિટી વિકસાવવામાં આવી છે, જ્યારે વધારાની ૫૦,૦૦૦ સંસ્થાઓમાં અમલીકરણ થઈ રહ્યું છે. વધુમાં, રાજ્યમાં ૨૯૦થી વધુ ટેલિકોમ ટાવરો ફાઈબરાઈઝ કરવામાં આવ્યા છે, જેના કારણે દૂર-દરાજના વિસ્તારોમાં પણ આજે મોબાઈલ કવરેજની સુવિધાઓ વધુ સુદ્રઢ બની છે.

આગામી સમયમાં ગુજરાતમાં અમલમાં આવનાર અમેન્ડેડ ભારતનેટ ફેઝ-૩ પ્રોજેક્ટ હેઠળ રાજ્યની ૧૪,૨૮૭ ગ્રામ પંચાયતો અને ૩,૮૯૫ ગામોને આધુનિક ડિજિટલ કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડવામાં આવશે, જેમાં ૯૮ ટકાથી વધુ સર્વિસ અપટાઈમ રહેશે. જેના પરિણામે હાઈ-સ્પીડ ઈન્ટરનેટ અને ડિજિટલ પ્લેટફોર્મ ગ્રામ્ય વિસ્તરમાં વસવાટ કરતા નાગરિકોના સામાજિક જીવનમાં સુધારો લાવશે. રાજ્ય સરકારના વિભાગો, ખેડૂતો, વિદ્યાર્થીઓ, મહિલાઓ, ગ્રાહકો વગેરે માટે ઈલેક્ટ્રોનિક અને મૂલ્યવર્ધિત સેવાઓ દ્વારા સીધા જોડાઈ શકશે, જે વંચિત ગ્રામજનોનું જીવનધોરણ સુધારવામાં મદદરૂપ થશે.

ગુજરાતમાં અમેન્ડેડ ભારતનેટ ફેઝ-૩ પ્રોજેક્ટના અમલથી ગુજરાત મોડલની વિશિષ્ટતા વધુ ઉજાગર અને મક્કમ બનશે. આ પહેલ થકી ટેલિકોમ ગ્રેડ નેટવર્ક એક પગલું આગળ રહેશે, જે સરકારના સંકલિત કાર્ય માટે, ડિજિટલ વ્યવસાયો અને સમાવેશી સમુદાય માટે લાભદાયક રહેશે. આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટથી ફાઈબર ટુ ટાવર, ફાઈબર ટુ ફીલ્ડ ઓફિસ, ફાઈબર ટુ ફેમિલીઝ અને ફાઈબર ટુ ફાઈનાન્સિયલ એન્ટરપ્રાઈઝ જેવી પ્રવૃત્તિઓ દ્વારા વ્યાપક ડિજિટલ કનેક્ટિવિટી વિકસાવાશે અને નવી રોજગારીની તકો ઊભી થશે.

## પ્રદેશ કોંગ્રેસ પ્રમુખના રાજીનામા બાદ તાબડતોડ શૈલેષ પરમારને ચાર્જ

# શક્તિસિંહનુ રાજીનામુ : માત્ર ચુંટણી હાર જ નહીં, કારણો ઘણા બધા

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૪

ગુજરાત વિધાનસભાની વિસાવદર અને કડી એમ બે બેઠકની પેટાચૂંટણીમાં કોંગ્રેસનો રકાસ થવાના પગલે ગુજરાત પ્રદેશે કોંગ્રેસના પ્રમુખ પદેથી શકિતસિંહ ગોહિલે રાજીનામું આપી દીધુ છે. જે બાદ કોંગ્રેસ પક્ષ નવા પ્રમુખની જાહેરાત ન કરે ત્યાં સુધી હાલ આ જવાબદારી કોંગ્રેસના નેતા શૈલેષ પરમારને સોંપવામાં આવી છે.

જો કે પ્રદેશ કોંગ્રેસના પ્રમુખપદેથી શકિતસિંહ ગોહિલે આપેલા રાજીનામાં પાછળ વિસાવદર બને કડીની બેઠક પર કોંગ્રેસની ચૂંટણી હારજ નહી પરંતુ અનેક પરિણામો કારણોને જવાબદાર માનવામાં આવી રહ્યા છે. જ્યાં રાજ્યમાં નવા શહેર-જિલ્લા કોંગ્રેસના પ્રમુખોની નિયુકિતમાં મનપાની ચલાવવામાં આવ્યાની ચર્ચા છે. તેની સાથોસાથ સંગઠ્ઠનની કાયાકલ્પમાં વાતો સિવાય કોઈ પણ જાતનો બદલાવ આવેલ નથી અહી એ ઉલ્લખનીય છે કે ગુજરાત વિધાનસભા કોંગ્રેસના ધારાસભ્યોની સંખ્યા હાલ માત્ર ૧૨ છે.

જયારે વિધાનસભાની બે બેઠકની પેટાચૂંટણીમાં વિસાવદરની બેઠક પર કોંગ્રેસને માત્ર ૫૫૦૧ મત મળેલ હતી.જયારે કડીની બેઠક પર કોંગ્રેસને ૩૯૪૫૨ મતે હાર થવા પામી હતી ખાસ વિધાનસભાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસની થવા પામી છે. વિસાવદર બેઠક પર કોંગ્રેસ ત્રીજાક્રમે ધકેલાઈ ગયેલ છે.

રાજયમાં ૨૦૨૧થી સતત નબળી પડી રહેલી કોંગ્રેસને હવે ભાજપની સાથેસાથે આમ આદમી પાર્ટીના પત્રકારો આદમી પાર્ટીના પડકારોનો પણ સામનો કરવો પડી રહ્યો છે. ગુજરાત વિધાનસભા બે બેઠકની આ પેટા ચૂંટણીમાં હારની જવાબદારી સ્વીકારી શકિતસિંહ ગોહિલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, આ દુનિયામાં કશુ આઘાત જનક છે.

આ બંન્ને જગ્યાએ અમારા કાર્યકર્તાઓ મક્કમનાથી ચૂંટણી લડયા છે તેઓ અમારી મુડી છે તેઓ વેચાયા નથી,દબાયા નથી, મકકમતાથી લડયા છે. જવાબદારીની વાત કરતા કાયમી નથી માત્ર એક જ વસ્તુ કાયમી છે.

તે છે બદલાવ તેઓએ હારનો સ્વીકાર કરતા જણાવ્યું હતું કે, કડી અને વિસાવદરની ચૂંટણીનું પરિણામ અમારા માટે ખરાબ અને તેઓએ એમ પણ જણાવ્યું હતું કે હાર અને જીતનો થાય પરંતુ કોંગ્રેસ પાર્ટીમાં નૈતિક જવાબદારીનું હંમેશા પાલન થાય છે.કડી અને વિસાવદર બંન્ને ચુંટણીમાં તમામ પાર્ટીના કાર્યકર્તાઓને જાય છે.પરિણામ આવ્યું નથી તેમ જવાબદારીનો મે સ્વીકાર કર્યો છે. અહીંમે પણ ઉલ્લેખનીય વર્ષ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીના કોંગ્રેસના પરાજય બાદ જગદીશ ઠાકોરે પ્રદેશ પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધુ હતું.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે વેપારના ક્ષેત્રમાં તમને ફાયદો થવામાં આનંદ થશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત બનશે. વ્યવસાયમાં પરિવર્તનનું આયોજન છે.

**વૃષભઃ** વૈવાહિક જીવન આનંદપ્રદ રહેશે. આજે નજીક અને દૂરની મુસાફરી પણ થઈ શકે છે. ધંધામાં વધતી પ્રગતિ આનંદકારક રહેશે. વિદ્યાર્થીઓને માનસિક બૌદ્ધિક ભારથી મુક્તિ મળશે.

**મિથુનઃ** બીજાની મદદ કરવાથી તમને સારું લાગશે તેથી આજે તમારો દિવસ પરોપકારીમાં વિતાવશો. ક્ષેત્રમાં પણ તમારી તરફેણમાં કેટલાક ફેરફાર થઈ શકે છે, આને કારણે તમારા સાથીઓનો મૂડ બગડી શકે છે.

**કર્કઃ** આજે તમારી આર્થિક બાજુ મજબૂત બનશે. સંપત્તિ, સન્માન, ખ્યાતિ, ખ્યાતિ વધશે. અટકેલા કામ પુરા થશે. પ્રિયજનો સાથે મળવાનું થશે. વાણી ઉપર સંયમ ન રાખવાથી પ્રતિકૂળ પરિસ્થિતિઓ ઉત્પન થઈ શકે છે.

**સિંહઃ** પરિવાર સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે. સદભાગ્યે તમને બપોર સુધીમાં આનંદકારક સારા સમાચાર પણ મળશે. આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે.

**કન્યાઃ** આજે ઘરની ઉપયોગિતાઓ પર પૈસા ખર્ચ થશે. ગૌણ કર્મચારી અથવા સંબંધીના કારણે તાણ વધી શકે છે. વ્યવહારમાં સાવચેત રહો પૈસા ફસાઈ શકે છે. કોર્ટ-કચેરીના કામ માટે દિવસ દરમિયાન મુસાફરી કરવી પડી શકે છે.

**તુલાઃ** પિતાના આશીર્વાદથી અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી વસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે. વ્યસ્તતા વધુ રહેશે.

**વૃશ્ચિકઃ** આજે ઉદ્યોગમાં તત્પરતાનો લાભ મળશે. પરિવાર તરફથી કૌટુંબિક સુખ પ્રાપ્ત થશે. આજે રચનાત્મક કાર્યોમાં ધ્યાન આપશો. કોઈ પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ક્રોધ પર કાબુ રાખવો. ઘરની સમસ્યાઓનો હલ આવશે.

**ધનઃ** આજે મોટી માત્રામાં પૈસાની અચાનક પ્રાપ્તિ આર્થિક સ્થિતિને મજબૂત બનાવશે. વ્યવસાયિક યોજનાઓમાં વેગ મળશે. તમારી પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. ઉતાવળ અને ભાવનાત્મકતામાં લીધેલા નિર્ણય પાછળથી પસ્તાવો લાવી શકે છે.

**મકરઃ** આજે શરીરમાં અચાનક દુઃખાવાને લીધે વધુ ખર્ચની સ્થિતિનો સામનો કરવો પડી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે મિલકતની તમામ કાનૂની બાબતોની ગંભીરતાપૂર્વક વિચાર કરો.

**કુંભઃ** રાજકીય ક્ષેત્રે સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો. અટકેલા કામ પણ પૂર્ણ થશે. પાચનશક્તિ અને આંખના વિકારની સંભાવના પણ છે. ખાવા પીવાનું વિશેષ ધ્યાન રાખવું.

**મીનઃ** આજે શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રે વિશેષ સિધ્ધિઓ પ્રાપ્ત થશે. આવકના નવા સ્ત્રોત સર્જશે, વાણી તમને વિશેષ માન આપશે. હવામાનની આરોગ્ય પર પ્રતિકૂળ અસર થઈ શકે છે એટલા માટે સાવચેત રહો. જીવનસાથીનો પૂરો સાથ અને સહયોગ મળશે.

## ફિલ્મી ગપશપ

### ઓ.ટી.ટી. પર મનોરંજનનો ખજાનો

# પંચાયત-૪, રેઇડ-૨ અને સ્ક્વિડ ગેમ-૩



મનોરંજનનાં શોખીનો માટે આ અઠવાડિયું ખૂબ જ ખાસ રહેવાનું છે. સમજો કે ઓટીટી મનોરંજનનો એક વધારાનો ડોઝ આપશે. દર્શકોની ફેવરિટ સિરિઝ પોતાની આગામી સિઝન લઈને આવી રહી છે.

એટલે કેટલીક ફિલ્મો પણ રિલીઝની કતારમાં છે. નેટફ્લિક્સથી લઈને પ્રાઈમ વીડિયો અને જિયો હોટસ્ટાર સુધી દરેક જગ્યાએ સીરીઝ અને ફિલ્મોની વણઝાર હશે.

પંચાયત સીઝન-૪ આખરે તો દર્શકોની રાહ પૂરી થવાની તૈયારીમાં જ છે. લોકપ્રિય સિરિઝ પંચાયતની ચોથી સીઝન આ સપ્તાહે રજૂ થઇ રહી છે, જેની સૌ કોઇ રાહ જોઈ રહ્યાં હતાં. આ શ્રેણીનું પ્રીમિયર ૨૪ જૂને પ્રાઈમ વિડિઓ પર થશે.

આ સિરિઝમાં વિકાસની ભૂમિકા ભજવનારા અભિનેતા ચંદન રોયે પણ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે આ સિરિઝ ૨૩ જૂનની રાત સુધીમાં રિલીઝ થઈ જશે. ’પંચાયત ૪’ની વાર્તા એકદમ રસપ્રદ છે. આ વખતે સમગ્ર ચૂંટણીનો માહોલ જોવા મળવાનો છે.

મીસ્ત્રી આ સિરીઝ ૨૭ જૂને જિયો હોટસ્ટાર પર રિલીઝ થશે. આમાં રામ કપૂર અને મોના સિંહ મુખ્ય ભૂમિકામાં છે. નામથી જ ખ્યાલ આવે છે કે, આ એક સસ્પેન્સ થ્રિલર સિરિઝ છે. તેમાં કોમેડીનો ડોઝ પણ છે. આ શ્રેણીમાં શિખા તલસાણિયા અને ક્ષિતિજ દાતે પણ છે.

સ્ક્વિડ ગેમ-૩ આ લોકપ્રિય સિરીઝની આગામી સીઝન પણ આ અઠવાડિયે આવી રહી છે. આ તેની છેલ્લી સિઝન હોવાનું કહેવાય છે. સિરીઝ ’સ્ક્વિડ ગેમ’ની ત્રીજી સીઝન ૨૭ જૂનથી નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે.

રેઈડ-૨ અજય દેવગણ અને રિતેશ દેશમુખ અભિનીત ’રેઈડ ૨’ મે મહિનામાં થિયેટરોમાં રિલીઝ થઈ હતી. તેને પ્રેક્ષકોનો ઘણો પ્રેમ મળ્યો હતો. હવે આ ફિલ્મ ઓટીટી પર આવી રહી છે.

જો તમે તેને કોઈ કારણસર થિયેટરોમાં જોઈ ન શક્યાં હોવ અથવા થિયેટરોમાં જોયા પછી ફરીથી તેનો આનંદ માણવા માંગતા હોવ, તો આ ફિલ્મ ૨૭ જૂનથી નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે.

આયર્ન હાર્ટ આ સિવાય ’કાઉન્ટ ડાઉન’ની પહેલી સીઝન પ્રાઈમ વીડિયો પર ૨૫ જૂને રિલીઝ થવા જઈ રહી છે. જો તમે સુપરહીરો ફિલ્મો અને સિરિઝના શોખીન છો, તો ’આયર્ન હાર્ટ’ ૨૫ જૂને જિયો હોટસ્ટાર પર રિલીઝ થઈ રહી છે.

**ગુજરાત હાઇકોર્ટ, વડોદરાની કોર્ટ, અમદાવાદની ન્યાયાલયોમાં પણ સર્ચ કરાયું**

# રાજ્યની ત્રણ કોર્ટને બોમ્બથી ઉડાવી દેશું : ધમકી મળતા રાજકોટ સહિતની અદાલતોમાં એલર્ટ

**રાજકોટના ઘંટેશ્વર વિસ્તારમાં આવેલ કોર્ટને સવારે ૯ વાગ્યે ઈ - મેઈલ મળ્યોઃ એસઓજી, બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ, ક્રાઈમ બ્રાંચ, લોકલ પોલીસ વગેરે ટીમો દોડી ગઈ હતી**




રાજકોટ, તા.૨૪

ફરી એક વખત કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા રાજ્યભરમાં ખળભળાટ મચી ગયો છે. રાજકોટના ઘંટેશ્ર્વર વિસ્તારમાં આવેલ કોર્ટને સવારે ૯ વાગ્યે ઈ - મેઈલ મળ્યો હતો.

જેમાં એસઓજી, બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ, ક્રાઈમ બ્રાંચ, લોકલ પોલીસ વગેરે ટીમો દોડી ગઈ હતી. રાજ્યની ત્રણ કોર્ટને બોમ્બથી ઉડાવી દેશું તેવી ધમકી મળતા રાજકોટ સહિતની અદાલતોમાં એલર્ટ જાહેર કરાયું હતું.

ગુજરાત હાઈકોર્ટ, વડોદરાની કોર્ટ, અમદાવાદની ન્યાયાલયોમાં પણ સર્ચ કરાયું હતું. આજે કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા રાજકોટ જિલ્લા ન્યાયાલયનું કેમ્પસ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું.

રાજકોટ કોર્ટ બિલ્ડીંગના પાંચેય માળ પર ચેકીંગ હાથ ધરાયું હતું. અંદર પ્રવેશતા તમામ વાહનો ચેક કરાયા હતા. કોર્ટ રૂમ, વિવિધ ઓફિસો, પાર્કિંગમાં પડેલા વાહનો, કેન્ટીન, ટોયલેટ, લિફ્ટ સહિત ખૂણે ખૂણો તપાસી લેવાયો હતા. કંઈ શંકાસ્પદ મળ્યું નહોતું. જેથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

રાજકોટ જિલ્લા ન્યાયાલયના મેનેજમેન્ટ સૂત્રો તરફથી મળેલી વિગત મુજબ, આજે સવારે ૯:૦૦ વાગે રાજકોટ કોર્ટના ઓફિસિયલ ઈ-મેઈલ એડ્રેસ પર એક મેઈલ આવ્યો હતો.આ ઈમેલમાં જે લખાયું હતું તે મુજબ, રાજ્યની ત્રણ કોર્ટને બોમ્બ વિસ્ફોટ કરી ઉડાવી દેવાની ધમકી હતી. જેને પગલે રાજકોટ જિલ્લા ન્યાયાલય દ્વારા હાઈકોર્ટમાં જાણ કરાઈ હતી અને સ્થાનિક પોલીસમાં પણ માહિતી આપવામાં આવી હતી.

રાજકોટ શહેર એસ.ઓ. જી. પીઆઈ એસ.એમ. જાડેજાએ જણાવ્યા મુજબ, કોર્ટ મેનેજમેન્ટ દ્વારા આ ધમકી ભર્યા ઈ - મેઈલ અંગે પોલીસ વિભાગને જાણ કરાતા તુરંત જ રાજકોટ શહેર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી)ની ટીમો, ડીસીબી પોલીસ મથકની ટીમો, ક્રાઈમ બ્રાંચની ટીમો, બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ અને લોકલ પોલીસ મથક એટલે કે, યુનિવર્સીટી પોલીસની ટીમો કોર્ટમાં તરફ રવાના કરાઈ હતી.

કોર્ટ પરિસરના ખૂણે ખૂણાને ચેક કરવામાં આવ્યો હતો. જોકે કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. છતાં હાલ કોર્ટમાં સઘન ચેકીંગ યથાવત રાખવામાં આવેલ છે. આ ઘટનાના પગલે ડીસીપી, એસીપી, પીઆઈ, પીએસઆઈ સહિતના અધિકારીઓ પણ કોર્ટ ખાતે દોડી આવ્યા હતા. વકીલ આલમમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા હતા પણ કંઈ શંકાસ્પદ ન જણાતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.આજે કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા રાજકોટ જિલ્લા ન્યાયાલયનું કેમ્પસ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું.

# હાઈકોર્ટમાં નવી પહેલ! દર બુધવારે માત્ર વર્ષો જુના કેસ ચાલશે

અમદાવાદ તા.૨૪

વર્ષોથી પેન્ડીંગ કેસોના નિકાલ માટે પહેલ કરવામાં આવી હોય તેમ ગુજરાત હાઈકોર્ટે દર બુધવારે માત્ર લાંબા વખતથી પડતર કેસો, જ ચલાવવાનો નિર્ણય લીધો છે. બે જુલાઈથી આ નવો નિયમ લાગુ થશે.હાઈકોર્ટની બે કમીટી દ્વારા એવો નિર્ણય લેવાયો છે કે બેચ સપ્તાહનો એક દિવસ સૌથી જુના કેસ હાથ પર લેશે. હાઈકોર્ટે રજીસ્ટ્રાર દ્વારા તે અંગેનું નોટીફીકેશન જારી કરવામાં આવ્યું હતું. જુના કેસોના નિકાલની આ યોજના હેઠળ હાઈએલર્ટ દ્વારા વર્ષો જુના પેન્ડીંગ કેસોનું નવુ લીસ્ટ તૈયાર કરવામાં આવે અને એક સપ્તાહ પૂર્વે એડવાન્સમાં જ તે જારી કરી દેવામાં આવશે. એટલે પક્ષકારોને આગોતરી જાણ થઈ શકે. આ લીસ્ટમાં રોસ્ટર પ્રમાણે સૌથી જુના ૧૦૦ કેસો હાથ પર લેવાશે. હાઈકોર્ટમાં તારીખ મુજબ રજીસ્ટડ કેસોની ગણતરી કરવામાં આવશે. ૨ જુલાઈનાં રોજ જે પેન્ડીંગ કેસો હાથ પર લેવાના હશે તેનું લીસ્ટ આવતીકાલે ૨૫મી જુને જાહેર કરવામાં આવશે. જામીન અને ફરીયાદ રદ કરવા સિવાયના કેસોની સુનાવણી બુધવારે નિયત થઈ હોય તો ઓટોમેટીક ધોરણે બીજા દિવસે ટ્રાન્સફર થશે. નોટીફીકેશનમાં દર્શાવાયા પ્રમાણે કેસોની સુનાવણી અગાઉ જ પૂર્ણ થઈ ગઈ હોય અને માત્ર ચુકાદા બાકી હોય, કેસોની અર્ધી સુનાવણી થઈ હોય અથવા સર્વોચ્ચ અદાલતે મનાઈ હુકમ ફરમાવ્યો હોય તેવા જુના કેસોને બુધવારની સુનાવણીનાં લીસ્ટમાં સામેલ કરવામાં નહીં આવે સુપ્રિમ કોર્ટમાં મેટર પેન્ડીંગ હોય તેવા કેસો પણ હાથ પર લેવામાં નહિં આવે.

**હવે શું ? વિસાવદર પરિણામના પડઘા ભાજપ સંગઠનથી લઇ મંત્રી મંડળ નવરચનામાં પડશે!**

# સોનાની થાળીમાં લોખંડની મેખ:પાટીલને ગુડબાય વિજય આપી ન શકાયો તેની પાછળ અનેક કારણો ચર્ચામાં

**લાંબા સમયથી ડખ્ખે ચડેલા સંગઠનની પુનઃરચનાનો વ્યુહ ભાજપ નવેસરથી ગોઠવે તેવો સંકેત : હારવા નહીં ટેવાયેલા ભાજપ માટે એક પરાજય પણ આંચકા જેવો છે**

**મંત્રી મંડળમાં ફેરફાર થવાની ચર્ચા હવે લંબાઇ તેવી શકયતા : જયેશ રાદડીયાને જો બલીનો બકરો બનાવાય તો તેના પણ પડઘા પડી શકે : પ્રચારની પરાકાષ્ઠા પછી પણ પરાજયમાં આંતરિક દોષારોપણ શકય**

(ગરવી તાકાત) વિસાવદર તા.૨૪

વિસાવદર વિધાનસભા પેટા ચૂંટણીના પરિણામો ગુજરાત ભાજપના રાજકારણ પર પણ અસર કરે તેવા સંકેત છે. ખાસ કરીને એક તરફ ભાજપના રાજય સંગઠન અંગે લાંબા સમયથી અનિશ્ચિતતા જેવી સ્થિતિ બની રહી છે અને તેની સાથે મંત્રીમંડળમાં ફેરફારથી લઈને ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીના અડધા પડાવ પછી જે રીતે સરકાર અને પક્ષને નવા ગીયરમાં નાખવાની તૈયારી હતી.

ત્યાં જ ઓચિંતી આ પરિણામે બ્રેક લગાવી છે તે સંકેત છે. જોકે વિધાનસભા કદી ભાજપનો ગઢ રહ્યો ન હતો તેવો દાવો કરીને ભાજપ આ પરાજયને હળવો કરવા પ્રયત્ન કરી રહ્યો છે પરંતુ અંદર ખાને ઘણા પ્રત્યાઘાત પડશે તે પણ નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે.



ખાસ કરીને ભુતકાળમાં ભાજપને જયારે જયારે વિધાનસભા પેટા ચૂંટણીઓ ગુમાવી છે ત્યારે પણ આંચકા લાગ્યા છે. પરંતુ હાલ ભાજપને જીતવાની ટેવ પડી ગઈ હતી અને તે જ મુદો હવે પક્ષ માટે સૌથી વધુ પ્રશ્ન સર્જી રહ્યો છે.

**પ્રચારની પરાકાષ્ઠા**

ભાજપે આ બેઠક માટે પ્રચારમાં કોઈ કસર બાકી રાખી ન હતી. કિરીટ પટેલની ઉમેદવારી સમયે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ખુદ રોડ શો કર્યો હતો. સામાન્ય રીતે મુખ્યમંત્રી પેટા ચૂંટણીના પ્રચારમાં જતા નથી પરંતુ ભુપેન્દ્ર પટેલે વાવ બેઠકથી તે સીલસીલો તોડયો હતો. તો અહીં પ્રચારમાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, કેબીનેટ મંત્રી હર્ષ સંઘવી, પ્રફુલ પાનસુરીયા, કેન્દ્રીય મંત્રીઓ આવ્યા હતા.

જયારે ચાર-ચાર મંત્રીઓને પ્રચારની જવાબદારી સોંપાઈ હતી અને તે સાથે જ વિસાવદરમાં રાતોરાત રોડ-રસ્તા બનવા લાગ્યા હતા. ચર્ચા એ પણ છે કે મતદારોને છેલ્લી ઘડીએ લોભાવવાની અનેક એવી પણ કોશીશો થઈ હતી કે તે મતદાન પૂર્વેની રાત્રે કતલની રાત ગણાય છે તેવી યુકિતઓ પણ અજમાવવામાં આવી હતી.

તેમ છતાં ૧૭ હજારથી વધુ મતે ભાજપનો પરાજય એ સૌથી મહત્વનું ફેકટર છે. છેલ્લે સુધી સ્પર્ધામાં કાંટાની ટકકર હોવાનું મનાતું હતું અને હારજીત પણ થોડા ૨-૩ હજાર મતોની હશે તે ચર્ચા હતી.

**હવે શું?**

આ ચૂંટણીએ અનેકના ભાવી દાવ પર લગાવી દીધા છે. ભાજપના પ્રદેશ પ્રમુખની પસંદગીમાં હવે વિસાવદર ફેકટર પણ ઉમેરાશે. તો મંત્રી મંડળના વિસ્તરણમાં પણ વિસાવદરનો પરાજયની અસર જોવા મળે તો આશ્ચર્ય થશે નહીં.

ભાજપે જે રીતે પાટીદાર વિસ્તારમાં પાટીદારો વચ્ચેના જંગમાં સીનીયર પાટીદાર નેતા જયેશ રાદડીયાને જવાબદારી સોંપી હતી અને સહકારી ક્ષેત્રમાં પણ તેમનો જે દબદબો છે તેને પણ કામે લગાડયો હતો. તે પછી હવે જો તેને અપજશ આપવાનો પ્રયત્ન થશે તો તેના પણ પડઘા પડશે તે નિશ્ચિત છે

એવી ચર્ચા છે કે કેબીનેટ વિસ્તરણમાં હવે જયેશ રાદડીયાને સ્થાન મળશે કે કેમ તે અનિશ્ચિત બની ગયું છે. તો સંગઠનમાં પણ ભાજપના માટે હવે પાટીલને સ્થાને એવા ચહેરાને ગોતવા પડશે કે ભવિષ્યમાં ઉભા થનારા નવા પડકારને પણ ઉપાડી શકે.

**'કેચ ધ રેઇન' અભિયાન અંતર્ગત ડેમ, કેનાલ, તળાવની કામગીરી માટે આધુનિક મશીનરીની ખરીદી**

# રાજ્યમાં જળ સંવર્ધન માટે ૧૮.૬૧ કરોડના ૧૨૨ મશીનરી વાહનોને મંત્રી કુંવરજી બાવળીયાના હસ્તે પ્રસ્થાન

રાજ્યમાં ડેમ કેનાલ, તળાવના નિર્માણ-મરામત તેમજ 'કેચ ધ રેઈન'-સુજલામ સુફલામ્ જળ અભિયાન ૨.૦ અંતર્ગત રૂ. ૧૮૬૧.૪૨ લાખના ૧૨૨ હેવી અર્થ મુવિંગ મશીનરી તથા નિરીક્ષણ વાહનોનું આજે ગાંધીનગર ખાતેથી જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં વર્ષ ૨૦૨૪-૨૫માં જળ સંપત્તિ વિભાગની યાંત્રિક પાંખ દ્વારા રૂ. ૧૮.૬૧ કરોડથી વધુના ખર્ચે વિવિધ પ્રકારની મશીનરી અને વાહનોની ખરીદી કરવામાં આવી છે.

આ વાહનો દ્વારા રાજયના વર્તમાન ડેમ, કેનાલ, તળાવ બનાવવા, દુરસ્ત કરવા તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્ન સમાન 'કેચ ધ રેઈન' - સુજલામ સુફલામ્ જળ અભિયાન ૨.૦' અંતર્ગત કાંપ દુર કરી તળાવો ઊંડા કરવા, કેનાલોની મરામત, સાફ સફાઈ, પુરના પાણીને નડતરરૂપ અવરોધો દુર કરવા, પૂર



રાહતની આકસ્મિક અને આવશ્યક કામગીરી, જળસંગ્રહ-જળસંચયની કામગીરી સુચારૂ રૂપે-ત્વરીત કરી શકાય તે હેતુથી આ આધુનિક હેવી મશીનરીની ખરીદી કરવામાં આવી છે.

આ ઉપરાંત જળ સંપત્તિ વિભાગ હેઠળની વિવિધ યોજનાઓ પર ચાલતી કામગીરી ઉપર ક્ષેત્રિય કચેરીઓ દ્વારા નિરીક્ષણ કરી શકાય તેવા ઉદેશ સાથે કુલ ૧૦૭ નિરીક્ષણ વાહનોની પણ ખરીદી કરવામાં આવી છે જે વાહનોને આજે પ્રસ્થાન કરાવ્યું હતું. તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે મિકેનિકલ શાખાના મુખ્ય ઈજનેર ડી.એ.ઠક્કર, સિવિલ શાખાના દક્ષિણ ગુજરાત ઝોનના મુખ્ય ઈજનેર આર.એમ.પટેલ. અધિક્ષક ઈજનેર-યાંત્રિક એસ. વી ધાનાણી સહિત જળ સંપત્તિ વિભાગના ઈજનેરો-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.-

# જ્યારથી લોકો વડીલોનો આદર ઓછો કરવા લાગ્યા છે! 'ત્યારથી' લોકો પોતાના શરીરમાં 'દવાઓ' વધુ અને 'આશીર્વાદ' ઓછા ભરવા લાગ્યા છે...!!!



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા



અખા ભગતના હૃદય કંઠેથી જે વેદના છપ્પા રૂપે કડવી છતાં ચોટદાર જે વાત શબ્દો નીકળ્યા તે સ્વસ્થ સમાજ માટે આજે પણ યોગ્ય સાબિત થાય છે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો તિલક કરતાં ત્રેપન વહ્યાં,જપ માળાનાં નાકાં ગયાં;તીરથ ફરી ફરી થાક્યાં ચરણ,તોય ન પહોંચ્યા હરિને શરણ;કથા સુણી સુણી ફુટ્યા કાન,અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.કથાને સાંભળી તેને જીવનમાં ઉતારનાર ઓછા છે. તમે કેવળ શ્રોતા નહીં,જીવનના કર્મવીર પણ બનો.કર્મવીર પુરુષ સાંભળવાની ઈચ્છા કરે છે ત્યારે ઈશ્વર વિના વિલંબે એના હૃદયમાં આવીને આસનજમાવી બેસી જાય છે.ભાગવતની કથા સાંભળ નારો નિષ્કામ અને નિર્મત્સર બને છે.

કોઈ જીવ પ્રત્યે કુભાવ રાખો તો તે ઈશ્વર પ્રત્યે કુભાવ રાખવા જેવું છે. મનુષ્ય નિર્મત્સર ન બને ત્યાં સુધી તેનો ઉદ્ધાર થતો નથી. જેવી ભાવના તમે બીજા માટે રાખશો, તેવી ભાવનાતે તમારા માટે રાખશે બીજા સાથે વેર કરનારો પોતાની સાથે જ વેર કરે છે, કારણ સર્વના હૃદયમાં ઈશ્વર રહેલો છે.નૈમિષારણ્યમાં અઠ્યાસી હજાર ઋષિઓ ભેગા થયા છે,ત્યા શૌનકજીએ સૂતજી ને પ્રશ્ન કર્યો, જીવમાત્રનું કલ્યાણ શાથી થાય તે કહો.કળિયુગના શક્તિહીન માણસો પણ કરી શકે તેવું સુલભ સરળ સાધન બતાવો. આ કળિયુગના મનુષ્યો મંદબુદ્ધિ વાળા અને મંદ શક્તિવાળા છે,તેથી સાધન કઠણ હશે તો કરશે નહીં.વળી એવા ભોગી છેકે,એક આસને બેસી આઠ કલાક ધ્યાન કરી શકશે નહીં

કળિયુગના મનુષ્યો પોતાને ચતુર સમજે છે, પણ સંસારના વિષયો પાછળ પડે તે ચતુર શાનો?

શાસ્ત્ર કહે છે સો કામને છોડીને ભોજન કરવું,હજાર કામ છોડીને સ્નાન કરવું, લાખ કામ છોડીને દાન કરવું અને કરોડ કામ છોડીને પ્રભુનું સ્મરણ કરવું.

ઘરનાં કાર્યો કર્યા પછી માળા ફેરવવી એમ નહીં, પરંતુ પ્રભુના નામનો જપ કર્યા પછી,માળા ફેરવ્યા પછી બધાં કાર્ય કરો. કરોડ કામ છોડીને પહેલું ભાગવત સ્મરણ કરવું.કળિયુગમાં મનુષ્યો જે કરવાનું છે તે કરતાં નથી અને જે નથી કરવાનું તેને પહેલું ડરે છે એટલે કળિયુગમાં મનુષ્યને અચતુર અને મંદબુદ્ધિશક્તિવાળો કહ્યો છે.

શૌનકજી કહે છેકે,અમને વિસ્તાર પૂર્વક શ્રીકૃષ્ણ કથા સંભળાવો. શ્રીકૃષ્ણકથામાં તૃપ્તિ નથી, તેમ દર્શનમાં પણ અમને તૃપ્તિ નથી. ભગવાનની મંગલમય અવતાર- કથાઓનું અને ભગવાનની લીલા કથાનું વર્ણન કરો. કળિયુગમાં અધર્મ વધે છે,ત્યારે ધર્મ કોને શરણે જાય છે?તે અમને કહો.

સમુદ્ર પાર કરવાવાળાને જેમ કર્ણધાર નાવિક મળી જાય, તેમ આપ અમને મળ્યા છો.

પરમાત્માના દર્શનની આતુરતા વિના સંત મળતા નથી. જીવને પરમાત્માનાં દર્શનની આતુરતા જાગે છે.પ્રભુ કૃપાથી સંત મળે છે. સ્વાદ ભોજનમાં નહીં પણ ભૂખ માં છે.મનુષ્યને પરમાત્માને મળવાની ભૂખ ન જાગે ત્યાં સુધી તેને સંત મળે તો પણ તેને તેમાં સદભાવ થતો નથી.

વક્તાનો અધિકાર સિદ્ધ થવો જોઈએ.તે પ્રમાણે શ્રોતાનો અધિકાર પણ સિદ્ધ થવો જોઈએ

શ્રવણનાં ત્રણ પ્રધાન અંગો છે:

શ્રદ્ધા. શ્રોતાએ એકાગ્રતાથી, શ્રદ્ધાથી કથા સાંભળવી.

જિજ્ઞાસા. શ્રોતામાં જિજ્ઞાસા હોવી જોઈએ. જિજ્ઞાસા ન હોય તો મન ઉપર કથાની અસર થશે નહીં. જાણવાની જિજ્ઞાસા ન હોય તો તેને કથા શ્રવણથી વિશેષ લાભ થતો નથી.

નિમત્સરતા.શ્રોતાને જગતમાંકોઈ જીવ પ્રત્યે મત્સરભાવ ન હોવો જોઈએ. કથામાં દીન થઈને જવું જોઈએ.શિષ્યનો પણ અધિકાર જોવાય છેશ્રોતાનો પણ અધિકાર જોવાનો છે.

એક મહાત્મા રામાયણની કથા કરતા હતા. કથા પૂરી થઈ. એક જણે મહાત્માને પૂછ્યું,આપે કથા કહી પણ મને સમજાયું નહીં કે રાવણ રાક્ષસ હતો કે રામ રાક્ષસ હતા.

મહાત્માએ કહ્યું, રાવણ રાક્ષસ નહીં કે રામ પણ રાક્ષસ નહીં. રાક્ષસ તો હું જ કે તને કશું સમજાવી શક્યો નહીં.અહીં શૌનક મુનિ સૂતજીને કહે છે કે, ભાગવત કથામાં અમને શ્રદ્ધા છે. તમારા પ્રત્યે આદર છે. અનેક જન્મોના પુણ્યનો ઉદય થાય, ત્યારે તમારા જેવા અધિકારી વકતાના મુખેથી કથાસાંભળવાની તક મળે છે.

અધિકારી વક્તાને અધિકારી શ્રોતા,રુક્ષ્મણીએ શ્રીકૃષ્ણ પરના પોતાના પત્રમાં લખ્યું છે, તમારી કથા સાંભળીને તમને પરણવાની ઈચ્છા થઈ.'સાંભળી'ને શબ્દ સમજવાનો છે. ભગવાનના ગુણો સાંભળવાથી ભગવાન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય છે.

શ્રોતામાં વિનય જોઈએ તેમ વક્તામાં પણ વિનય જોઈએ. સૂતજી વિનયનો આદર્શ દાખવે છે સૂતજીએ શ્રોતાઓને ધન્યવાદ આપ્યો છે. સૂતજી કહે છે,તમે સૌ સુયોગ્ય શ્રોતા છો.તમે શાંતિથી શ્રવણ કરો છો. એટલે મારું મન ભગવાનમાં સ્થિર થાય છે. તમે જ્ઞાની છો, પ્રભુપ્રેમમાં પાગલ છો. પરંતુ મારું કલ્યાણ કરવા તમેપ્રશ્ન કરો છો.કથા કરી હું તો મારી વાણીને પવિત્ર કરવા બેઠો છું. બાકી પ્રભુ નો મહિમા ગાનાર હું કોણ?

આરંભમાં સૂતજી શુકદેવજીને વંદન કરે છે, તે પછી ભગવાન નારાયણને નમસ્કાર કરે છે. ભારતના પ્રધાન દેવ નારાયણ છે. શ્રીકૃષ્ણ ગોલોકમાં પધાર્યા છે. સર્વ અવતારોની સમાપ્તિ થાય છે આ નારાયણની સમાપ્તિ થઈનથી અને થવાની નથી.ભારતની પ્રજા નું કલ્યાણ કરવા તે આજે તપશ્ચર્યા કરે છે.

શ્રી શંકરાચાર્યજી તો પરમ યોગી. તેઓ નરનારાયણનાં દર્શન કરે છે ત્યારે કહે છે કે, હું આપનાં દર્શન કરી શક્યો,પણ કળિયુગમાંભોગી માણસો પણ આપનાં દર્શન કરી શકે તેવી કૃપા કરો. ભગવાને તે વખતે આદેશ કર્યોકે,બદરિનારાયણમાં નારદ કુંડ છે ત્યાં સ્નાન કરો. ત્યાંથી મારી મૂર્તિ મળશે, તેની સ્થાપના કરો. બદરિનારાયણ ભગવાનની સ્થાપના શંકરાચાર્યજીએ કરી છે.

મનથી માનસદર્શનનું બહુ પુણ્ય લખ્યું છે. માટે મનથી નારાયણને પ્રણામ કરો.બદરિનારાયણમાં લક્ષ્મીજીની મૂર્તિ મંદિરની બહાર છે અંદર નારાયણ તપસ્યા કરે છે. તપશ્ચર્યામાં સ્ત્રીનો,દ્રવ્યનો, બાળકનો સંગ બાધક છે. તેથી નારાયણે લક્ષ્મીજીને કહ્યું છે કે, તમે બહાર બેસીને ધ્યાન કરો, હું અંદર બેસીને ધ્યાન કરીશ. બદરિનારાયણમાં નારાયણની મૂર્તિને ચંદનની પૂજા કરવામાં આવે છે, એ જોઈ એક ભકતે બદરિનારાયણના પૂજારીને પૂછ્યું કે,આવી સખત ઠંડીમાંઠાકોરજીને તમે ચંદનની પૂજા કેમ કરો છો? પૂજારીએ કહ્યું, અમારા ઠાકોરજી તપશ્ચર્યા ખૂબ કરે છે,તેથી ઠાકોરજીને ગરમી બહુ થાય છે. એટલે ચંદનની પૂજા કરવામાં આવે છે. સૂતજી સરસ્વતીને,વ્યાસજીને વંદન કરે છે અને પછી કથાનો આરંભ કરે છે.જેનાથી ભક્તિનો ઉદય થાય એ મનુષ્યનો સૌથી મોટો ધર્મ.આ ભક્તિ પણ એવી જોઈએજેનાથી આત્મા પ્રસન્ન થાય. જેમાં ફળની કામના ન હોય અને જે નિર્વિઘ્ન ચાલ્યા કરે. આવી ભક્તિને અહેતુકા ભક્તિ કહે છે.

વાચક ચાહક મિત્રો આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

### બનાસકાંઠા જિલ્લામાં અંદાજે કુલ ૧૮૦૦થી વધુનો સ્ટાફ મતગણતરીમાં બજાવશે ફરજ

# બનાસકાંઠા જિલ્લામાં ચુસ્ત પોલીસ બંદોબસ્તની વચ્ચે ગ્રામ પંચાયતની તાલુકા વાઇઝ મત ગણતરી હાથ ધરાશે

(ગરવી તાકાત) સૂઈગામ તા.૨૫

ગ્રામ પંચાયત ચૂંટણી ૨૦૨૫ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં કુલ ૩૨૨ ગ્રામ પંચાયત ખાતે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું હતું. ૩૨૨ પંચાયત પૈકી ૩૦૩ ગ્રામ પંચાયત સામાન્ય તથા ૧૯ ગ્રામ પંચાયત ખાતે પેટા ચૂંટણીનું આયોજન કરાયું હતું.

સામાન્ય ચૂંટણીની ૩૦૩ પંચાયત ખાતે જિલ્લામાં સરેરાશ કુલ ૮૩.૫૦ ટકા મતદાન નોંધાયું હતું જ્યારે ૧૯ પેટા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરેરાશ કુલ ૬૩.૨૪ ટકા મતદાન નોંધાયું હતું.

જિલ્લામાં ૨૫ જૂન ૨૦૨૫ના રોજ દરેક તાલુકા વાઈઝ મત ગણતરી હાથ ધરાશે. જિલ્લામાં અંદાજે કુલ





(પ્રતિકાત્મક તસ્વીર)

૧૮૦૦ થી વધુનો સ્ટાફ મતગણતરીમાં ફરજ બજાવશે. તાલુકા વાઈઝ વાત કરીએ તો પાલનપુર તાલુકા માટે માયનિંગ બ્લોક, સરકારી ઈજનેરી કોલેજ જગાણા ખાતે, વડગામ તાલુકા માટે વી.જે.પટેલ હાઈસ્કુલ વડગામ ખાતે, દાંતા તાલુકા માટે પ્રથમ માળ સર ભવાનીસિંહ વિદ્યાલય દાંતા, અમીરગઢ તાલુકા માટે રૂમ નંબર ૬ થી ૧૨, પગાર કેન્દ્ર શાળા અમીરગઢ, ડીસા તાલુકા માટે ડી.એન.પી ગર્લ્સ પ્રાથમિક વિભાગનું બિલ્ડીંગ, કાંકરેજ તાલુકા માટે રૂમ નંબર ૧૦ થી ૧૪, મોડેલ સ્કૂલ રતનપુરા, ધાનેરા તાલુકા માટે કે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દાંતીવાડા તાલુકા માટે મોડેલ સ્કૂલ દાંતીવાડા, દિયોદર તાલુકા માટે મોડેલ સ્કૂલ દિયોદર, લાખણી તાલુકા માટે મામલતદાર કચેરી તાલુકા સેવા સદન લાખણી, થરાદ તાલુકા માટે સરકારી વાણિજ્ય અને વિનયન કોલેજ થરાદ, વાવ તાલુકા માટે મોડેલ સ્કૂલ વાવ, સુઈગામ તાલુકા માટે તાલુકા સેવા સદન સુઈગામ, ભાભર તાલુકા માટે મોડેલ સ્કૂલ ભાભર ખાતે મત ગણતરી હાથ ધરાશે. દરેક તાલુકા વાઈઝ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે અંદાજે ૧૨૫ થી ૧૩૫ નો સ્ટાફ મત ગણતરીમાં જોડાશે.

જિલ્લામાં તા.૨૨ જૂન ૨૦૨૫ના રોજ સામાન્ય/ વિભાજન/ વિસર્જન/ પેટા ગ્રામ પંચાયતોની યોજાયેલ ચૂંટણી અન્વયે સવારના ૯:૦૦ કલાકથી તાલુકામાં નિયત કરેલ મતગણતરી સેન્ટર ખાતે કુલ-૧૮૦૦ જેટલા મતગણતરી સ્ટાફની મદદથી મતગણતરી યોજાશે.

### જસરા ડબલ મર્ડર કેસમાં ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન કરાયું

## આરોપીઓ પાસેથી તમામ મુદ્દામાલ કબજે કરાયો, આજે તમામ આરોપીઓને કોર્ટમાં રજૂ કરાશે

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૪

બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના જસરા ગામમાં થયેલા ડબલ મર્ડર કેસમાં આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈને રિકન્સ્ટ્રક્શન કરાયું. ગુજરાત પોલીસની એસએમસીમાં ફરજ બજાવતા પીઆઈ એ.વી. પટેલના માતા-પિતાની હત્યા કેસમાં પકડાયેલા ચારેય આરોપીઓ પાસેથી પોલીસે તમામ મુદ્દામાલ કબજે કર્યો છે.

તપાસ અધિકારી ASP સુમન નાલા (IPS)એ માહિતી આપી કે રિમાન્ડ દરમિયાન કેસ સંબંધિત મહત્વના પુરાવા અને ૧૦૦% મુદ્દામાલ રિકવર કરી લેવામાં આવ્યો છે. આ ઉપરાંત કેસ સાથે જોડાયેલા જરૂરી દસ્તાવેજી પુરાવા



પણ એકત્રિત કરવામાં આવ્યા છે.

આજે પોલીસે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈને ક્રાઈમ રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. આરોપીઓના રિમાન્ડ ૨૫મી જૂનના રોજ પૂર્ણ થઈ રહ્યા છે. આવતીકાલે તમામ આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

### અસામાજિક પ્રવૃત્તિઓને રોકવા માટે પશ્ચિમ પોલીસે વિશેષ કામગીરી હાથ ધરી છે

## પાલનપુર પોલીસે મધરાતે નવા બસપોર્ટ અને ડોક્ટર હાઉસ વિસ્તારમાં 'શંકાસ્પદ' લોકોની તપાસ કરી

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૪

પાલનપુર શહેરમાં રાત્રિ દરમિયાન થતી અસામાજિક પ્રવૃત્તિઓને રોકવા માટે પશ્ચિમ પોલીસે વિશેષ કામગીરી હાથ ધરી છે. પોલીસે નવા બસપોર્ટ અને ડૉક્ટરહાઉસ વિસ્તારમાં નાઈટ રાઉન્ડ દરમિયાન શંકાસ્પદ લોકોની તપાસ કરી હતી.

પશ્ચિમ પોલીસ સ્ટેશનના પી.આર. મારુના નેતૃત્વમાં પોલીસ સ્ટાફે આ વિસ્તારમાં શંકાસ્પદ લોકોની ઓળખ તપાસી હતી. તેમના આધાર કાર્ડ સહિતના પુરાવાઓની ચકાસણી કરવામાં આવી હતી. પોલીસે શંકાસ્પદ લોકોની પૂછપરછ કરી તેમની હલચલ પર નજર રાખી હતી. આ કામગીરી શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા



તેમજ ગુનાખોરી અટકાવવાના ભાગરૂપે હાથ ધરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે આવી તપાસ કામગીરી નિયમિત રીતે ચાલુ રહેશે.

## આંજણા પાટીદાર ચૌધરી સમાજ ઇડરના કાનપુર અને ચોરીવાડ ગામનું ગૌરવ



(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક, ઈડર)

(ગરવી તાકાત) ઈડર તા.૨૪

કાનપુર ગામ નાં પટેલ ભીખાભાઈ વિરસંગભાઈ (બિપીનભાઇ) ની દિકરી અને ચોરીવાડ ગામનાં પટેલ ભરતભાઈ લાલજીભાઈ ના પુત્રવધુ એવા ચૌધરી નિધીબેન એ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા માં ×મનુસ્મુતિ અને શિક્ષાપત્રીનો તુલનાત્મક અભ્યાસ× વિષય પર પી એચ.ડી. ની પદવી હાસલ કરી છે ત્યારે માનનીય કુલપતિ હરિભાઈ કટારીયા , રજીસ્ટાર અનિલભાઈ સોલંકી , વિષય નિષ્ણાંત હેતલબેન પંડ્યા, હેડ ઓફ ડીપાર્ટમેન્ટ ભાવપ્રકાશ ગાંધી ના સાનિધ્યમાં પ્રાપ્ત કરી છે આંજણા ચૌધરી સમાજ ઈડર તથા કાનપુર અને ચોરીવાડ ગામનું નામ રોશન કર્યુ છે તેઓએ કાનપુર ગામે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરી, ડી. કે. પટેલ હાઈસ્કૂલ માં માધ્યમીક શિક્ષણ પાપ્ત કરી, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સર પ્રતાપ હાઈસ્કૂલ ઈડરમાં મેળવ્યુ હતું. સ્નાતક શિક્ષણ ટી. એમ. શાહ કોલેજ, ઈડરમાં મેળવીને ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરામાં પીએચ. ડી. ની પદવી એસોસીયેટ પ્ોફેસર કે. કે. અમીન ના ગાઈડમાં તથા પ્રિન્સિપાલ ડૉ. દિનેશભાઈ માછી બાલાસિનોર કોલેજના માર્ગદર્શન હેઠળ મેળવી છે. તેમજ મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી વડોદરામાં કરાર આધારિત આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે પસંદગી પામી સેવા આપી રહ્યા છે. ઉપરાંત શિક્ષણ આપનાર ગુરુજનો પરિવારના સભ્યો ગ્રામજનો અને તમામ સાથી મિત્રૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

### તાલુકા અને જિલ્લા કક્ષાએ કલા મહાકુંભનું આયોજન, કલા મહાકુંભ ૨૦ જુલાઈ ૨૦૨૫ સુધી રજીસ્ટ્રેશન ફોર્મ ભરી શકાશે

## આ વર્ષે કલા મહાકુંભમાં કુલ ૩૭ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ સાથે કુલ ચાર વયજૂથ વચ્ચે સ્પર્ધા યોજાશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા અને જિલ્લા વહીવટી તંત્ર મહેસાણાની રાહબરી હેઠળ તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી, મહેસાણા દ્વારા આ વર્ષે પણ કલા મહાકુંભનું તાલુકા અને જિલ્લા કક્ષાએ આયોજન થનાર છે. જેમાં રજીસ્ટ્રેશન (ઓફ લાઈન) ફોર્મ ભરવાની છેલ્લી તા.૨૦/૦૭/૨૦૨૫ છે. આ વર્ષે કલા મહાકુંભમાં કુલ ૩૭ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ અને કુલ ચાર વયજૂથ ૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ, ૨૧ થી ૫૯ વર્ષ અને ૬૦ વર્ષથી ઉપરના વયજૂથમાં સ્પર્ધા યોજાશે. જેમાં તાલુકા કક્ષાએ થી શરુ થતી કુલ ૧૪ કૃતિ જેમાં વકતૃત્વ, નિબંધ, ચિત્રકલા, ભરતનાટ્યમ, એકપાત્રીય અભિનય, લોકનૃત્ય, રાસ, ગરબા, સુગમ સંગીત, લગ્નગીત, સમૂહગીત, લોકગીત/ભજન, તબલા, હાર્મોનિયમ (હળવું), , અને સીધી જિલ્લા કક્ષાએથી શરુ થતી ૦૯ કૃતિ જેમાં કાવ્યલેખન, ગઝલ-શાયરી, લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઈ, સર્જનાત્મક કારીગરી, સ્કૂલબેન્ડ, ઓરગન, કથ્થક અને શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની) તેમજ સીધી પ્રદેશકક્ષાએથી શરુ થતી કુલ ૦૭ સ્પર્ધાઓ જેમાં સિતાર, ગીટાર, વાંસળી, વાયોલીન, કુચીપુડી,



**આ સ્પર્ધામાં વધુમાં વધુ કલાકારો ભાગ લે તે માટે તમામ શાળાઓ, કોલેજો તથા વિવધ સંસ્થાઓ તેમજ ભણતા ન ભણતા કલાકારોને આથી જણાવવામાં આવે છે કે તાલુકા કક્ષાએથી તાલુકા કન્વીનરની નિમણૂક કરવામાં આવી છે.**

ઓડીસી, મોહીની અટ્ટમ, અને સીધી રાજ્યકક્ષાએથી શરુ થતી કુલ ૦૭ સ્પર્ધાઓ જેમાં પખાવજ, મૃદગમ, રાવણ હથ્થો, જોડિયાપાવા, સરોદ, સારંગી, ભવાઈ, , વગેરે કૃતિઓ યોજાશે. આ સ્પર્ધામાં વધુમાં વધુ કલાકારો ભાગ લે તે માટે તમામ શાળાઓ, કોલેજો તથા વિવધ સંસ્થાઓ તેમજ ભણતા ન ભણતા કલાકારોને આથી જણાવવામાં આવે છે કે તાલુકા કક્ષાએથી તાલુકા કન્વીનરની નિમણૂક કરવામાં આવી છે. જેથી જે તે તાલુકાના કલાકારોને પોતાનું અરજીફોર્મ જે તે તાલુકાનાં કન્વીનરશ્રીઓને પહોચાડવાનું રહેશે. (૧) મહેસાણા તાલુકાના સ્પર્ધક કલાકારોએ વર્ધમાન વિદ્યાલય, મહેસાણા ખાતે રમેશભાઈ ચૌધરી, (મો.નં.૯૮૨૫૨૯૮૦૩૨) (૨) ઉંઝા તાલુકાના સ્પર્ધક કલાકારોએ શ્રી નીલકંઠ વિદ્યાલય, મકતુપુર ખાતે મહેશભાઈ પટેલ (મો.નં.૯૭૨૭૦૮૫૦૭૧) (૩) વિસનગર તાલુકાના સ્પર્ધક કલાકારોએ ના.મ.નૂતન સર્વ વિદ્યાલય, વિસનગર ખાતે પ્રવિણભાઈ પટેલ (મો.નં.૯૮૨૫૯૫૭૦૩૮) (૪) વડનગર તાલુકાના સ્પર્ધક કલાકારોએ નવીન સર્વ વિદ્યાલય, વડનગર ખાતે લાલજીભાઈ ચૌધરી (મો.નં.૯૯૭૯૯૨૭૩૭૧) (૫) ખેરાલુ તાલુકાના સ્પર્ધક કલાકારોએ મ્યુનિસિપલ હાઈસ્કૂલ, ખેરાલુ ખાતે અભેરાજભાઈ ચૌધરી (મો.નં.૯૪૨૮૬૬૨૧૨૧) (૬) સતલાસણા તાલુકાના સ્પર્ધક કલાકારોએ શ્રી યુ.કે.કોઠારી વિદ્યામંદિર, કોઠાસણા ખાતે અવનિશભાઈ પ્રજાપતિ (મો.નં.૭૬૦૦૫૦૭૫૨૨) (૭) કડી તાલુકાના સ્પર્ધક કલાકારોએ શ્રી પી.એમ.જી ઠાકર આદર્શ વિદ્યાલય, કડી ખાતે તુષારભાઈ સ્વામી (મો.નં.૯૮૨૫૬૨૮૪૯૯) (૮) વિજાપુર તાલુકાના સ્પર્ધક કલાકારોએ માઢી હાઈસ્કૂલ, માઢી ખાતે નરેશભાઈ પટેલ (મો.નં.૯૯૦૯૫૩૫૦૪૩) (૯) જોટાણા તાલુકાના સ્પર્ધક કલાકારોએ શ્રી રામ સર્વ વિદ્યાલય, જોટાણા ખાતે યોગેશભાઈ પટેલ (મો.નં.૯૪૨૮૦૮૯૪૯૫) (૧૦) બેચરાજી તાલુકાના સ્પર્ધક કલાકારોએ શ્રી સાર્વજનિક વિદ્યામંદિર, મોટપ ખાતે જયંતીભાઈ પટેલ (મો.નં.૯૯૦૯૧૭૯૨૯૭) ને જમાં કરાવવાના રહેશે. આમ કલા મહાકુંભની વિગતવાર ફોર્મ નિયમો જે તે તાલુકાનાં કન્વીનરશ્રી પાસેથી તેમજ સીધી જિલ્લાકક્ષાની સ્પર્ધાઓના ફોર્મ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બ્લોક નં.૧/૩ જો માળ, બહુમાળી ભવન, રાજમહેલ રોડ, મહેસાણાથી મેળવી અત્રેની કચેરીએ મોકલવાના રહેશે. તેવું જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી પારૂલબેન બી. પટેલની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સંક્ષિપ્ત સમાચાર

### એસએસસી બોર્ડમાં ૯૯.૭૬ પીઆર સાથે સૌ પ્રથમ નંબરે ઉત્તીણ થવા બદલ

## ઓમ હર્ષદકુમાર ઓઝાને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા શિલ્ડ એનાયત



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

ઓમ્ હર્ષદકુમાર ઓઝા, મહેસાણાને SSC બોર્ડમાં ૯૯.૭૬% PR સાથે સૌપ્રથમ નંબરે ઉત્તીર્ણ થતાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, અમદાવાદ ખાતે ધી ગુજરાત સ્ટેટ ટેક્ષ બાર એસોસિએશન, અમદાવાદ દ્વારા શિલ્ડ એનાયત કરી બહુમાન કરવામાં આવ્યું. સમગ્ર ગુજરાતમાંથી પધારેલ હાજર સૌ કોઈ વિદ્વાન અને નામાંકિત વકીલોએ તાળીઓના ગડગડાટથી ઓમ્ ને પ્રોત્સાહિત કર્યો. અત્રે એ બાબતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે માત્ર ૧૨ વર્ષની ઉંમરે ઓમ્ ઓઝાએ યોગગુરૂનું બિરુદ પ્રાપ્ત કરેલ હતું. આગળ જતા ગામ, સમાજ અને રાષ્ટ્રનું ગૌરવ વધારે એ આશા અસ્થાને નથી.

## મોટા ડોડીસરા પ્રા. શાળાની અંડર ૧૪,ગર્લ્સ કબડ્ડીની બે ખેલાડીની સ્પોર્ટ્સ સ્કૂલમાં પસંદગી

(ગરવી તાકાત) વિજયનગર તા.૨૪

ભિલોડા તાલુકાના મોટા ડોડીસરા પ્રાથમિક શાળાની બે વિધાર્થિનીઓ કબડ્ડીની સ્પર્ધાઓમાં આગવું સ્થાન મેળવી શાળાનું નામ રોશન કર્યુંછે અંડર, ૧૪ ગર્લ્સ કબડ્ડીની ખેલાડી ડુંડ ભાવિકા અને ડુંડ અંજલી બંને જીલ્લા કક્ષાની



સ્પોર્ટ્સ સ્કૂલમાં એડમિશન માટેના પ્રવન ટેલેન્ટ કસોટીમાં પસંદગી પામી છે જેથી બંને ખેલાડીઓને શ્રી જે. બી. અને એસ. એ. સાર્વજનિક શાળા વ્યારા, તાપી ખાતે એડમિશન મળતાં મોટા ડોડીસરા ગામ અને શાળામાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે.ત્યારે આ સફળતા માટે છેલ્લા બે વર્ષથી રમત ગમ્મતની જહેમત ઉઠાવનાર ડૉ. કે. આર. શ્રોફ. ફાઉન્ડેશનના શિક્ષક અનિલ ભગોરાનું યોગદાન રહ્યું છે. બંને દિકરીઓની સફળતા બદલ શાળા ના આચાર્ય રોશનભાઈ ડામોર,ઝઈઝ અને શાળા પરિવાર તથા ક્લસ્ટર હેડ રોહિત પટેલ તથા ગામના વડીલોએ અભિનંદન પાઠવ્યા હતા.

## આર.કે.પટેલ શિક્ષણ સંકુલ અંદ્રોખા ખાતે વિકસિત ભારત અંતર્ગત કાર્યક્રમ યોજાયો



(ગરવી તાકાત) વિજયનગર તા.૨૪

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાના હેતુથી વિજયનગરના ભાજપના કાર્યકરો દ્વારા આર . કે. પટેલ શિક્ષણ સંકુલ અંદ્રોખા ખાતે વિકસિત ભારત સંકલ્પ અંતર્ગત કાર્ય ક્રમ યોજાયો હતો જે આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત અને પ્રવચન વિજયનગર તાલુકા મંડલ પ્રમુખ ડૉ પરેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ઉપસ્થિત પાર્ટીના સક્રિય અને પીઠ નેતા નટવરસિંહ ભાટી તેમજ સુરેશભાઈ પટેલ અને મુખ્ય વક્તા રાજુભાઈ નિનામા દ્વારા વિકસિત ભારત ની વિવિધ યોજના અંગેની માહિતી આપવામા આવી હતી તે સમયે ભાજપના જીતુભાઈ કટારા મહામંત્રી પ્રદ્યુમનસિંહ ભાટી, તેજાભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ મયુરભાઈ શાહ, પનાભાઈ રબારી , પંકજભાઈ. કે. પરમાર સહિત હજર રહયા હતા અને ડૉ. શ્યામ પ્રસાદ મુખર્જીની પુણ્યતિથિ નિમિતે પુષ્પાંજલિ આપી એમના યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું.

## વિજયનગર તાલુકાના આંજણા ચૌધરી સમાજનું ગૌરવ

(ગરવી તાકાત) વિજયનગર તા.૨૪



ગુજરાતની નામાંકિત ચરોતર યુનિવર્સિટી(ચારુસત) દ્વારા સંચાલિત અશોક એન્ડ રીટા પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફિઝિયોથેરાપી કોલેજમાં ડૉ.ક્રિષ્ના પટેલે માસ્ટર ડિગ્રીમાં ગોલ્ડ મેડાલિસ્ટ મેળવી વિજયનગર તાલુકાના આંજણા પટેલ સમાજનું અને રાજપુર ગામનું ગૌરવ વધારતાં વિજયનગર તાલુકા ભાજપ મંડળ પ્રમુખ ડો. પરેશ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.જ્યારે ગોલ્ડ મેડાલિસ્ટ દિકરીના પરિવારજનો માં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને ગામના પટેલ સમાજ દ્વારા ઉત્તરોતર તેઓ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવવામા આવી હતી.

Volume : 11 Issue : 72 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002